॥ શ્રી ચિંતામણી-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૧૦

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ

સં-૨૦૬૭ અષાઢ સુદ-૫

પ.પૂ. જિનશાસનશણગાર ગીતાર્થ જ્ઞાની ગુરુભગવંતોના શ્રીચરણોમાં સેવક બાબુલાલ સરેમલ બેડાવાળા ની હાર્દિક વંદનાવલી અવધારશોજી. શ્રી શ્રુતપ્રેમી સાધર્મિક બંધુઓને સબહુમાન પ્રણામ.

'કલિકાલે જિનબિંબ જિનાગમ, ભવિયણ કું આધારા' ઉપરોક્ત પંક્તિમાં કલિકાલમાં શ્રુતકેવલી સમા મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા કલિકાળમાં ભવ્યજીવોના પરમઆધાર સ્વરૂપ જે જિનાગમ અર્થાત્ શ્રુતજ્ઞાનની વાત કરી રહ્યા છે તેની ઉપાસના કરી જીવન સાર્થક કરવાના એક માત્ર આશયથી ગત બે વર્ષથી ચાતુર્માસ દરમ્યાન 'અહો ! શ્રુતજ્ઞાનમ્ 'પરિપત્ર દ્વારા જિનશાસનમાં શ્રુતજ્ઞાન અંગેની ઘણી બધી માહિતી પૂજ્ય ગુરૂવર્યોની કૃપા અને માર્ગદર્શનથી પૂરી પાડી રહ્યા છીએ. જેમાં વર્ષ દરમ્યાન નૂતન પ્રકાશિત થતા ગ્રંથો, નૂતન સંશોધન-સંપાદન થતા ગ્રંથો, શ્રુતજ્ઞાન ક્ષેત્રે કરવા યોગ્ય કાર્યો ઇત્યાદિ ઘણી બધી માહિતીનો સમાવેશ થાય છે. સંશોધન અને સ્વાધ્યાયરત પૂજ્યશ્રીને તે ખુબ જ ઉપયોગી નીવડે છે, જે તેમના અનુમોદનાસભર પત્ર દ્વારા જણાય છે. તે દ્વારા વિશેષ પ્રોત્સાહિત થઇ આ તૃતીય વર્ષે પણ ચાતુર્માસ દરમ્યાન પ્રસ્તુત માસિક પરિપત્ર આપ સહુને પ્રેષિત કરી રહ્યા છીએ.

## શ્રુત લેખન અને શ્રુત છાપકામ

શ્રુતજ્ઞાન એ જિનશાસનનો પાયો છે. શ્રુત દ્વારા શાસન ચાલે છે માટે જ જ્યારે શ્રુત ધીરે ધીરે ભુલાવા લાગ્યુ ત્યારે વીર નિર્વાણના ૯૮૦ વર્ષે શ્રુત સાચવણી માટે તત્કાળ પ્રસિદ્ધ સામગ્રી સ્વરૂપે તાડપત્ર વપરાયું... કાળે કાળે લેખન સામગ્રીમાં બદલાવટ ફેરફાર થયા અને કાગળનો વિકલ્પ શરૂ થયો... એમાં પણ પછીથી વિવિધ ચિત્રસભર લેખન ઇત્યાદિ જે તે કાળે સર્વપ્રસિદ્ધ વિગતો આમાં ઉમેરાતી ગઇ. શ્રુત સાચવણી માટે તે કાળે લેખનનો વિકલ્પ હોઇ તેની પર ભાર મૂકવા શ્રાવકોના કર્તવ્યમાં ' पुत्थयलिहणं ' નું સવિશેષ કર્તવ્ય મૂક્યું તથા શ્રુતલેખનના લાભ દર્શાવતા શ્લોકો-રચનાઓ વિગેરે પણ થયા.

સર્વ જગતના વ્યવહારમાં યંત્રવાદનો વ્યાપક પ્રચાર થતા શ્રુતનું છાપકામ શરૂ થયું. આગમોદ્ધારક પૂ. આનંદસાગરજી મ.સા.એ ઘણા બધા આગમો છપાવડાવી ભાવી પેઢી પર ઘણો ઉપકાર કર્યો. આગમપ્રભાકર પૂ.પુણ્યવિજયજી મ.સા. તથા આગમપ્રજ્ઞ મુ.જંબૂવિજયજી મ.સા.એ કેટલીયે પ્રાચીન હસ્તપ્રતો મેળવીને જે તે આગમગ્રંથો શુદ્ધ સ્વરૂપે છપાવડાવ્યા, તે તો આજે સર્વ માટે દીવાદાંડી સમાન બન્યા છે. છાપકામશરૂ થયા બાદ સાધુના અધ્યયનઆદિ તથા સંશોધનો ચોક્કસપણે વધ્યા છે. અધ્યયનાર્થે ગ્રંથો વધુ શુદ્ધ અને સરળપણે ઉપલબ્ધ થયા છે. આ રીતે શ્રુતલેખનના કહેલ લાભો શ્રાવકો આજે શ્રુત છાપકામ દ્વારા પણ મેળવી શકે છે. છાપકામ એ ગૃહસ્થનું કાર્ય છે અને જે કાળે જે વ્યવસ્થા હોય તથા જેમાં લાભ વધુ હોય, તેમાં ગૃહસ્થો પોતાની રીતે પ્રવર્તે. તેમાં પ્રાચીન-અર્વાચીન પરંપરા ગૌણ વસ્તુ જણાય છે. સન્મતિતર્કકાર શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ કહે છે કે કાળે કાળે નવું જૂનું થાય અને જૂનું નવું થાય.

જિનશાસનની નિઃસ્વાર્થ સેવાની ભાવનાથી આરંભાયેલ આ શ્રુતયજ્ઞમાં ઉચિત પ્રેરણા - સૂચના અને માર્ગદર્શન રૂપ સમિધ પૂજ્યશ્રીઓ દ્વારા મળે એ જ એક અપેક્ષા.

" दासो ऽहं सर्व साधूनाम् " *શ્રીસંઘચરણ સેવક બાબુલાલ*

## વિ. સં ૨૦૬૭ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

પ્રસ્તુત વર્ષ દરમ્યાન નૂતન પ્રકાશિત થયેલ ગ્રંથોની અમને ઉપલબ્ધ થયેલ યાદી આ સાથે રજુ કરી રહ્યા છીએ. અમારી જાણ બહાર અન્ય પુસ્તકો પણ પ્રકાશીત થયા હોય તો પુસ્તક અમને મોકલવા દ્વારા જાણ કરાશે તો હવે પછીના અંકમાં તે સમાવી લેવા યોગ્ય કરીશું.

| ક્રમ | પ્રકાશિત ગ્રંથ | કર્તા/ટીકા સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | સિદ્ધિહેમબૃહદ્‌ન્યાસ-૬ | લાવણ્યસૂરિજી | સં. | લાવણ્યસૂરિ જૈન જ્ઞાન મંદિર |
| ૨ | અધ્યાત્મઉપનિષદ્-૧ | કિર્તીયશસૂરિજી | સં/ગુ | સન્માર્ગ પ્રકાશન |
| ૩ | અધ્યાત્મઉપનિષદ્-૨ | કિર્તીયશસૂરિજી | સં/ગુ | સન્માર્ગ પ્રકાશન |
| ૪ | સંસ્કૃત સરલમ્-૧, ૨ | યોગતિલકસૂરિજી | સં/ગુ | સંયમસુવાસ |
| ૫ | પંચાશક -૧ | રાજશેખરસૂરિજી | સં/ગુ | અરિહંત આરાધક ટ્રસ્ટ |
| ૬ | પંચાશક -૨ | રાજશેખરસૂરિજી | સં/ગુ | અરિહંત આરાધક ટ્રસ્ટ |
| ૭ | બૃહદ્ કલ્પસારોધ્ધાર | રાજશેખરસૂરિજી | ગુજ | અરિહંત આરાધક ટ્રસ્ટ |
| ૮ | ભાષ્યત્રમ્ (ચૈત્યવંદન) | ધર્મશેખરવિજયજી | સં/ગુ | અરિહંત આરાધક ટ્રસ્ટ |
| ૯ | પ્રાચીન જૈન લેખ સંગ્રહ-૨ | જયદર્શનસૂરિજી | સં/હિ | જિનાજ્ઞા પ્રકાશન |
| ૧૦ | હૃદયપ્રદીપ ષટત્રિંશિકા | ધર્મતિલકવિજયજી | સં/ગુ | સ્મૃતિ મંદિર પ્રકાશન |
| ૧૧ | સિધ્ધહેમઅજ્ઞાત કતૃકાઢૂંઢિકા-૩ | વિમલકીર્તિવિજયજી | સં | હેમનવમજન્મશતાબ્દિ |
| ૧૨ | હેમચંદ્રાચાર્ય | કલ્યાણકીર્તિવિજયજી | સં | નેમીનંદન શતાબ્દિ ટ્રસ્ટ |
| ૧૩ | ધર્મ સંગ્રહ -૧ | સા. ચંદનબાલાશ્રીજી | સં | ભદ્રંકર પ્રકાશન |
| ૧૪ | ધર્મ સંગ્રહ -૨ | સા. ચંદનબાલાશ્રીજી | સં | ભદ્રંકર પ્રકાશન |
| ૧૫ | ઋષિદત્તા ચરિત્રમ્ | સા. ચંદનબાલાશ્રીજી | સં | ભદ્રંકર પ્રકાશન |
| ૧૬ | દીપાલિકા કલ્પ સંગ્રહ | સા. ચંદનબાલાશ્રીજી | સં | ભદ્રંકર પ્રકાશન |
| ૧૭ | ક્યાં ગોતુ સરનામું | હેમરેખાશ્રીજીની શિષ્યાઓ | ગુજ | મોહનલાલ પ્રતાપચંદ |
| ૧૮ | અધ્યાત્મસાર -૪ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૧૯ | અધ્યાત્મસાર -૫ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૨૦ | અધ્યાત્મસાર -૬ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૨૧ | નવતત્વ પ્રકરણ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૨૨ | ઉપદેશ રહસ્ય ભાગ-૧ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૨૩ | ઉપદેશ રહસ્ય ભાગ-૨ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૨૪ | ઉપદેશ રહસ્ય ભાગ-૩ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૨૫ | પાતંજલ યોગ દર્શન-૧ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૨૬ | પાતંજલ યોગ દર્શન-૨ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | ગુજ | ગીતાર્થ ગંગા પ્રકાશન |
| ૨૭ | જ્ઞાનસાર(જ્ઞાનમન્જરી) ૧ | ધીરજલાલ ડાહ્યાલાલ | ગુજ | જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ |
| ૨૮ | જ્ઞાનસાર(જ્ઞાનમન્જરી) ૨ | ધીરજલાલ ડાહ્યાલાલ | ગુજ | જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ |
| ૨૯ | જૈન શ્વે.ગચ્છોકા સંક્ષિપ્ત ઇતિ-૧ | ડૉ. શીવપ્રસાદ | હિ. | ઓમકારસૂરિજી આરાધના |
| ૩૦ | જૈન શ્વે.ગચ્છોકા સંક્ષિપ્ત ઇતિ-૨ | ડૉ. શીવપ્રસાદ | હિ. | ઓમકારસૂરિજી આરાધના |
| ૩૧ | આત્મસંપ્રેક્ષણા (યોગશતક) | ગુણહંસવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન |
| ૩૨ | સિધ્ધ દંડીકા પ્રકરણ | તત્વરૂચિવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન |
| ૩૩ | શ્રી કલ્પસૂત્રમ્ (પ્રત) | રાજકિર્તીસાગરજી | પ્રા./ગુ | સુબોધશ્રેણી પ્રકાશન |
| ૩૪ | શ્રી બારસાસૂત્રમ્ (પ્રત) | રાજકિર્તીસાગરજી | પ્રા./ગુ | સુબોધશ્રેણી પ્રકાશન |

## યુગપ્રભાવક ગચ્છાધિપતિ આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની જન્મશતાબ્દિ નિમિત્તે પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પ્રકાશિત ગ્રંથ | કર્તા/ટીકા સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | સન્મતિ તર્ક પ્રકરણ-૧ | જયસુંદરસૂરિજી | સં./હિ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨ | સન્મતિ તર્ક પ્રકરણ-૨ | જયસુંદરસૂરિજી | સં./હિ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩ | સન્મતિ તર્ક પ્રકરણ-૩ | જયસુંદરસૂરિજી | સં./હિ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૪ | સન્મતિ તર્ક પ્રકરણ-૪ | જયસુંદરસૂરિજી | સં./હિ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૫ | સન્મતિ તર્ક પ્રકરણ-૫ | જયસુંદરસૂરિજી | સં./હિ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૬ | ભગવતી સૂત્ર-૧ | કુલચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૭ | ભગવતી સૂત્ર-૨ | કુલચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૮ | ભગવતી સૂત્ર-૩ | કુલચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૯ | ભગવતી સૂત્ર-૪ | કુલચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૦ | સ્યાદ્વાદ મંજરી | અજિતશેખરસૂરિજી | સં./ગુ | અર્હમ્ પરિવાર ટ્રસ્ટ |
| ૧૧ | નંદી સૂત્ર અનુવાદ સહિત | અજિતશેખરસૂરિજી | સં./ગુ | અર્હમ્ પરિવાર ટ્રસ્ટ |
| ૧૨ | જે સાવદ્ય તે સાધક | અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમ્ પરિવાર ટ્રસ્ટ |
| ૧૩ | દ્રવ્યપ્રમાણ-ક્ષેત્રસ્પર્શના પ્રકરણાદિ | જગતચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૪ | લઘુચૈત્યવંદન ચતુર્વિંશતિકા | અભયચંદ્રસૂરિજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૫ | કલ્યાણ મંદિર સ્તોત્રમ્ | અભયચંદ્રસૂરિજી | સં./ગુ | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૬ | પિંડ નિર્યુક્તિ - અનુવાદ | અભયચંદ્રસૂરિજી | સં./ગુ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૭ | કૃપા રસકોશ | અભયચંદ્રસૂરિજી | સં./હિ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૮ | જયવિયરાય | હેમચંદ્રસૂરિજી | ગુજ. | અંબાલાલ રતનચંદ |
| ૧૯ | આત્મતત્વ વિવેક | કલ્યાણબોધિસૂરિજી | સં./ગુ. | જિનશાસન આ.ટ્રસ્ટ |
| ૨૦ | શ્રામણ્યોપદેશ | કલ્યાણબોધિસૂરિજી | સં. | જિનશાસન આ.ટ્રસ્ટ |
| ૨૧ | સમ્બોધ સપ્તતિ - ૧ | કલ્યાણબોધિસૂરિજી | સં./ગુ. | જિનશાસન આ.ટ્રસ્ટ |
| ૨૨ | સમ્બોધ સપ્તતિ - ૨ | કલ્યાણબોધિસૂરિજી | સં./ગુ. | જિનશાસન આ.ટ્રસ્ટ |
| ૨૩ | નમસ્કાર સ્વાધ્યાય - ૧ | તત્વાનંદવિજયજી | પ્રા. | જિનશાસન આ.ટ્રસ્ટ |
| ૨૪ | નમસ્કાર સ્વાધ્યાય - ૨ | તત્વાનંદવિજયજી | સં. | જિનશાસન આ.ટ્રસ્ટ |
| ૨૫ | આર્યમહાગિરિ-આર્ય સુહસ્તિ | ગુણસુંદરવિજયજી | હિ. | જિનશાસન આ.ટ્રસ્ટ |
| ૨૬ | પરમપદના વાવેતર | રાજેન્દ્રસૂરીશ્વરજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૭ | આચારાંગસૂત્ર નિર્યુક્તિ-૧ | અનંતયશવિજયજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૮ | પરમતેજ (જયવિયરાય) | મહાબોધિવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૯ | ઉચ્ચ પ્રકાશના પંથે(પ્રથમ સૂત્ર) | મહાબોધિવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩૦ | સહસ્ત્રભાનુ સઃ ભુવનભાનુ | તીર્થબોધિવિજયજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩૧ | ચાંદની માં ચિંતન | કુલબોધિવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩૨ | કથા કોશ-૧ | દિવ્યદર્શનવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩૩ | ભુવનભાનુ ષટ્ત્રિંશિકા | રત્નભાનુવિજયજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩૪ થી ૪૪ | આનંદઘન, યશોવિજયજીના સ્તવન વિવેચના ભા-૧ થી ૧૧ | મહાબોધિવિજયજી ------- | ગુજ. ---- | દિવ્યદર્શન ટ્રસ્ટ ------- |
| ૪૫ થી ૭૪ | ભુવનભાનુએન્સાઇક્લો. ભા. ૧થી૩૦ | દિવ્યદર્શન અગ્રલેખ | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |

## શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર અન્વયે
## 'અહો ! શ્રુતજ્ઞાનમ્' અંતર્ગત ગ્રંથ જીર્ણોદ્ધારશ્રુત સત્કાર સેટ નં-૩

| ક્રમ | પ્રકાશિત ગ્રંથ | કર્તા/ટીકા અનુવાદક | પ્રકાશક | ભાષા |
|---|---|---|---|---|
| ૯૧ | સ્યાદ્વાદ રત્નાકર ભાગ-૧ | વાદિદેવસૂરિજી | મોતીલાલ લાધાજી પુના | સં. |
| ૯૨ | સ્યાદ્વાદ રત્નાકર ભાગ-૨ | વાદિદેવસૂરિજી | મોતીલાલ લાધાજી પુના | સં. |
| ૯૩ | સ્યાદ્વાદ રત્નાકર ભાગ-૩ | વાદિદેવસૂરિજી | મોતીલાલ લાધાજી પુના | સં. |
| ૯૪ | સ્યાદ્વાદ રત્નાકર ભાગ-૪ | વાદિદેવસૂરિજી | મોતીલાલ લાધાજી પુના | સં. |
| ૯૫ | સ્યાદ્વાદ રત્નાકર ભાગ-૫ | વાદિદેવસૂરિજી | મોતીલાલ લાધાજી પુના | સં. |
| ૯૬ | પવિત્ર કલ્પસૂત્ર | પુણ્યવિજયજી | સારાભાઇ નવાબ | સં./અં |
| ૯૭ | સમરાંગણ સૂત્રધાર ભાગ-૧ | ભોજદેવ | ટી. ગણપતિ શાસ્ત્રી | સં. |
| ૯૮ | સમરાંગણ સૂત્રધાર ભાગ-૨ | ભોજદેવ | ટી. ગણપતિ શાસ્ત્રી | સં. |
| ૯૯ | ભુવન દિપક | પદ્મપ્રભસૂરિજી | વેંકટેશ પ્રેસ | સં. |
| ૧૦૦ | ગાથા સહસ્ત્રી | સમયસુંદરજી | સુખલાલજી | સં. |
| ૧૦૧ | ભારતીય પ્રાચીન લીપીમાળા | ગૌરીશંકર ઓજા | મુન્શીરામમનોહરરામ | હિ. |
| ૧૦૨ | શબ્દરત્નાકર | સાધુ સુન્દરજી | હરગોવિંદદાસ બેચરદાસ | સં. |
| ૧૦૩ | સુબોધવાણી પ્રકાશ | ન્યાય વિજયજી | હેમચંદ્રાચાર્ય જૈન સભા | સં./ગુ. |
| ૧૦૪ | લઘુ પ્રબંધ સંગ્રહ | જયંત પી. ઠાકર | ઓરિએન્ટ ઇન્સ્ટીટ્યુટ | સં. |
| ૧૦૫ | જૈન સ્તોત્ર સંચય-૧,૨,૩ | માણિક્યસાગરસૂરિજી | આગમોદ્ધારક સભા | સં. |
| ૧૦૬ | સન્મતિ તર્ક પ્રકરણ ભાગ-૧,૨,૩ | સિદ્ધસેન દિવાકર | સુખલાલ સંઘવી | સં. |
| ૧૦૭ | સન્મતિ તર્ક પ્રકરણ ભાગ-૪,૫ | સિદ્ધસેન દિવાકર | સુખલાલ સંઘવી | સં. |
| ૧૦૮ | ન્યાયસાર-ન્યાયતાત્પર્યદીપિકા | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | એસિયાટીક સોસાયટી | સં. |
| ૧૦૯ | જૈન લેખ સંગ્રહ ભાગ-૧ | પુરણચંદ્ર નાહર | પુરણચંદ્ર નાહર | સં./હિ. |
| ૧૧૦ | જૈન લેખ સંગ્રહ ભાગ-૨ | પુરણચંદ્ર નાહર | પુરણચંદ્ર નાહર | સં./હિ. |
| ૧૧૧ | જૈન લેખ સંગ્રહ ભાગ-૩ | પુરણચંદ્ર નાહર | પુરણચંદ્ર નાહર | સં./હિ. |
| ૧૧૨ | જૈન ધાતુ પ્રતિમા લેખ ભાગ-૧ | કાંતિ વિજયજી | જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર | સં./હિ. |
| ૧૧૩ | જૈન પ્રતિમા લેખ સંગ્રહ | દૌલતસિંહ લોઢા | અરવિંદ ધામણીયા | સં./હિ. |
| ૧૧૪ | રાધનપુર પ્રતિમા લેખ સંદોહ | વિશાલવિજયજી | યશોવિજયજી ગ્રંથમાલા | સં./ગુ. |
| ૧૧૫ | પ્રાચીન લેખ સંગ્રહ | વિજયધર્મસૂરિજી | યશોવિજયજી ગ્રંથમાલા | સં./ગુ. |
| ૧૧૬ | બીકાનેર જૈન લેખ સંગ્રહ | અગરચંદ નાહટા | નાહટા બ્રધર્સ | સં./હિ. |
| ૧૧૭ | પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ-૧ | જિનવિજયજી | જૈન આત્માનંદ સભા | સં./હિ. |
| ૧૧૮ | પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ-૨ | જિનવિજયજી | જૈન આત્માનંદ સભા | સં./હિ. |
| ૧૧૯ | ગુજરાતના ઐતિહાસિક લેખો-૧ | ગિરજાશંકર શાસ્ત્રી | ફાર્બસ ગુજરાતી સભા | સં./ગુ. |
| ૧૨૦ | ગુજરાતના ઐતિહાસિક લેખો-૨ | ગિરજાશંકર શાસ્ત્રી | ફાર્બસ ગુજરાતી સભા | સં./ગુ. |
| ૧૨૧ | ગુજરાતના ઐતિહાસિક લેખો-૩ | ગિરજાશંકર શાસ્ત્રી | ફાર્બસ ગુજરાતી સભા | સં./ગુ. |
| ૧૨૨ | ઓપ.ઇન સર્ચ ઓફ મેન્યુ ઇન મુંબઇ સર્કલ-૧ | પી. પીટરસન | રોયલ એસિયાટીક જર્નલ | અંગ્રે. |
| ૧૨૩ | ઓપ.ઇન સર્ચ ઓફ મેન્યુ ઇન મુંબઇ સર્કલ-૪ | પી. પીટરસન | રોયલ એસિયાટીક જર્નલ | અંગ્રે. |
| ૧૨૪ | ઓપ.ઇન સર્ચ ઓફ મેન્યુ ઇન મુંબઇ સર્કલ-૫ | પી. પીટરસન | રોયલ એસિયાટીક જર્નલ | અંગ્રે. |
| ૧૨૫ | કલે.ઓફ પ્રાકૃત એન્ડ સં.ઇન્સ્કીપસન | પી. પીટરસન | ભાવનગર આર્કિયો. ડીપા. | અંગ્રે. |
| ૧૨૬ | વિજયદેવ માહાત્મ્યમ્ | જિનવિજયજી | જૈન સાહિત્ય સંશોધક | સં. |

# સરસ્વતી પુત્રોને વંદના

**પૂ. જગવલ્લભસૂરીશ્વરજી (પૂ.પ્રેમભુવનભાનુસૂરિજી સમુદાય)**

(૧) ન્યાય કોશ

**આ.રવિરત્નસૂરીશ્વરજી મ.સા. (પૂ.પ્રેમભુવનભાનુસૂરીશ્વરજી સમુદાય)**

(૧) ઋષિદત્તાચરિત્ર - કર્તા દાનશેખર સાધુ - સંસ્કૃત પદ્યમય્

**આ. શ્રેયાંશપ્રભસૂરીશ્વરજી (પૂ.રામચંદ્રસૂરીશ્વરજી સમુદાય)**

(૧) નરવર્મરાજા ચરિત્ર
(૨) વંદિત્તુસૂત્ર - ચૂર્ણિ
(૩) કામદેવ ચરિત્ર
(૪) પાન્ડવ ચરિત્ર મહાકાવ્ય કર્તા : મલધારિ - દેવપ્રભસૂરિજી
(૫) નેમિનાથ ચરિત્રમ્ કર્તા : ઉદયપ્રભસૂરિજી
(૬) નેમિનાથ નિર્વાણમ્ : કર્તા : ઉદયપ્રભસૂરિજી
(૭) પાર્શ્વનાથ ચરિત્ર કર્તા : દેવભદ્રાચાર્ય
(૮) શાંતસુધારસ કથા સહિત કર્તા : વિનયવિજયજી ટીકા
(૯) જિનશતક પંજિકા ટીકા તથા અવચૂરિ
(૧૦) અજિતશાંતિ સ્તવઃ ગોવિંદાચાર્ય ટીકા
(૧૧) કલ્યાણમંદિર સૌભાગ્ય મંજરી ટીકા
(૧૨) ભક્તામર સ્તોત્ર સુખબોધિકા ટીકા

**આ.પૂણ્યપાલસૂરિજી મ.સા. (પૂ.રામચંદ્રસૂરીશ્વરજી સમુદાય)**

(૧) અષ્ટપ્રવચન માતા કથા સંગ્રહ
(૨) આત્મશિક્ષા પ્રકરણ

**સાધ્વી ચંદનબાલાશ્રીજી મ.સા. (પૂ.રામચંદ્રસૂરીશ્વરજી સમુદાય)**

(૧) જયંતવિજય મહાકાવ્ય - કર્તા - અભયદેવસૂરિજી

**આ.શીલચંદ્રસૂરીશ્વરજી મ.સા. (પૂ.નેમિસૂરીશ્વરજી સમુદાય)**

(૧) કહાવલી
(૨) ત્રિશષ્ટિ શલાકા પુરુષ સારોદ્ધાર - ગદ્યમાં

**પં. મુક્તિચંદ્રવિજયજી, પં. મુનિચંદ્રવિજયજી (પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી સમુદાય)**

(૧) દ્વયાશ્રયમહાકાવ્ય - ટીકા અભયતિલક ગણિ - અનુવાદ સહિત

**ગણિ તીર્થભદ્રવિજયજી મ.સા. (પૂ. કલાપૂર્ણસૂરીશ્વરજી સમુદાય)**

(૧) મદનધનદેવ રાસ - કર્તા - પદ્મવિજયજી
(૨) વ્રજસ્વામિભાસ - કર્તા - જિનહર્ષ
(૩) મૃગાવતી આખ્યાન - કર્તા - ઉપા. સકલચંદ્રજી
(૪) ઉપમિતિ ભવપ્રપંચા રાસ - કર્તા - કવિ જિનહર્ષ

**આ.રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા. (આ.રામસૂરિજી ડહેલાવાળા સમુદાય)**

(૧) ગુજરાતી - સંસ્કૃત શબ્દ કોષ

## શ્રુતોપયોગી કેટલીક વેબસાઇટ

દેશવિદેશની જુદી જુદી સંસ્થાઓ દ્વારા ઘણા બધા જૈન ગ્રંથો સ્કેન કરાવીને પીડીએફ ફોર્મેટમાં જુદી જુદી વેબસાઇટ પર ઓનલાઇન મુકાયેલા છે. ૨૦-૨૫ વર્ષ પહેલા મુદ્રિત થયેલા પ્રકરણાદિ ગ્રંથો, શબ્દકોષો તેમજ ઉપયોગી જૈનેતર ગ્રંથો ઘણીવાર પ્રકાશક પાસે વેચાણ કે ભેટ માટે ઉપલબ્ધ હોતા નથી. જરૂરી ગ્રંથો મોટા શહેરોમાં ૫-૧૦ જ્ઞાનભંડારોમાં સચવાયેલા હોય છે. પરંતુ ત્યાં પણ ક્યારેક ઘણાં ધક્કા ખાવા છતા પોઝીટીવ રીઝલ્ટ મળતુ નથી.

સર્જન-સંશોધન-સંપાદનાદિ વિશિષ્ટ કાર્યોમાં ઉત્સાહપૂર્વક પ્રવર્તનારા પૂજ્ય જ્ઞાની-વિદ્વાન ગુરૂભગવંતોને કેટલાક અપ્રાપ્ય અને પ્રાચીન મુદ્રિત ગ્રંથો રેફરન્સ માટે જરૂરી હોય છે, જે મળવા મુશ્કેલ હોય છે. પોતાના સમય અને શક્તિ સર્વપણે ફોરવ્યા બાદ પણ જરૂરી ગ્રંથોની ઉપલબ્ધતાને અભાવે હતાશ-નિરાશ થઇ જતાં અમો એ અનુભવેલ છે.

ઘણીવાર અવું બનતું હોય છે કે રેફરન્સ માટે ઉપયોગી મુદ્રિત ગ્રંથો જુદી જુદી વેબસાઇટ પર ઉપલબ્ધ હોય છે. પરંતુ આપણા ગુરૂભગવંતો કોમ્પ્યુટર કે વેબસાઇટનો ઉપયોગ કરતા ન હોઇ તેઓને તેની જાણકારી ન હોય એ પણ સ્વાભાવિક છે. એવે સમયે શ્રાવક તરીકેની આપણી ફરજ એ બને છે કે પૂજ્યોને સંશોધનો ઉપયોગી બધા જ ગ્રંથો યેન-કેન પ્રકારે જ્યાં-ત્યાંથી, પણ મળી રહે તેમ ત્વરિત પૂરા પાડવા જોઇએ.

સંશોધન-સંપાદનમાં ઉપયોગી થઇ શકે એવા જૈન-જૈનેતર ગ્રંથો ધરાવતી જુદી જુદી અગત્યની વેબસાઇટની સૂચિ અહી આપેલ છે. અન્ય પણ આવી વેબસાઇટ આપના ધ્યાનમાં હોય તો અમને અવશ્ય સૂચન કરશો.

વળી, આપણા પૂજ્ય ગુરૂભગવંતો પ્રેરિત સંસ્થાઓ દ્વારા પ્રકાશિત ગ્રંથો જે તે સંસ્થાની વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ હોય છે. ઘણાં બધાં માસિક, મગેઝીન તેમજ જર્નલ્સમાં રહેલ અગત્યના લેખો પણ ત્યાંથી ડાઉનલોડ કરી શકાય છે.

જુદી જુદી વેબસાઇટ પર રહેલ જે કોઇપણ ગ્રંથની આપને જરૂર હોય તો ડાઉનલોડ કરી ને પ્રીન્ટ નકલ અથવા સીડી આપને મોકલવા યોગ્ય કરી શકીશું.

(૧) jainelibrary.org - JAINA (USA)

આપણા ચારેય ફીરકાના લગભગ ૩૦૦૦ પુસ્તકોને ઓનલાઇન મુકેલા છે તેમજ પાઠશાળા ઉપયોગી અંગ્રેજી ભાષામાં છપાયેલ તેઓ દ્વારા પ્રકાશિત પુસ્તકો તેમજ જુદા જુદા માસિકના અંકો પણ ઉપલબ્ધ છે. આખુ જ પુસ્તક સંપૂર્ણપણે Downlod કરી શકાય છે. તે વિશેષતા છે. શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જ્ઞાન ભંડાર દ્વારા પ્રકાશિત બધી જ ડીવીડીના પુસ્તકો પણ આ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

(૨) rajendrasuri.net.com અભિધાન રાજેન્દ્ર કોષના સાત ભાગ ઓનલાઇન મુકેલા છે તેને પણ Downlod કરી શકાય છે.

(૩) gutenberg.com વિશ્વભરમાં રહેલા બધા જ અગત્યના અંગ્રેજી પુસ્તકો મુકેલા છે.

(૪) namami.org : National Mission for Menuscripts
હસ્તલિખિત પ્રતોની બધા જ ધર્મોની અને જુદી જુદી ભાષાની ૧૫ લાખ હસ્તપ્રતના કેટલોગ મુકેલા છે.

(૫) kobatirth.org : આ. શ્રી કૈલાશસાગરસૂરિજી જ્ઞાનમંદિર કોબા દ્વારા પ્રકાશિત પુસ્તકો

(૬) pravachanprakash.org : પૂ. વૈરાગયરતિ વિજયજી પ્રેરિત પ્રવચન પ્રકાશન સંસ્થા દ્વારા પ્રકાશિત પુસ્તકો

(૭) idjo.org : અનેકાંત જ્ઞાનમંદિર બીના, દિગમ્બર જૈન સ્યાદ્‌વાદ વારાણસી, દિગમ્બર જૈન ટેમ્પલ સોનાગિરિમાં આવેલ જ્ઞાનભંડારોમાં રહેલ ૬૫૦ જેટલી હસ્તપ્રત અને ૩૭૦ જેટલા જુદા જુદા અગત્યના દિગમ્બર ગ્રંથોનો સમાવેશ થાય છે પરંતુ તેમાં ડાઉનલોડ કરવા માટે એક એક પેજ વારાફરથી સીલેક્ટ કરવું પડે છે.

(૮) dli.ernet - Digital library of India
ભારત સરકાર દ્વારા ઇન્ડીયન ઇન્સ્ટી. ઓફ સાયન્સ નામની સંસ્થા દ્વારા બનાવેલી e લાયબ્રેરી, રાષ્ટ્રપતિ ભવનમાં રહેલ બધા જ પુસ્તકો, ટીટીડી તીરૂપતીમાં રહેલ પુસ્તકો, સંસ્કૃત, તિબેટીયન, ગુરૂમુખી વગેરે ભાષામાં રહેલ જુદા જુદા બધા જ ધર્મના પુસ્તકોનો સમાવેશ થાય છે. અન્ના યુનીવર્સીટી, તામીલ હેરીટેજ ફાઉન્ડેશન. તીરૂમાલા દેવસ્થાનમાં રહેલ સંસ્કૃત, તેલુગુ હસ્તપ્રત પણ ઓનલાઇન મુકેલ છે.

(૯) bhavans.info : ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત જર્નલ

## માંગો... અને મળશે.

✦ આ. શ્રી કૈલાશસાગરસૂરિજી જ્ઞાનમંદિર - કોબા દ્વારા પ્રકાશિત કેટલોગ નં- ૧ થી ૮ માં રહેલ હસ્તપ્રતો પૈકી અપ્રગટ ૩૦૦૦ હસ્તપ્રતોની યાદિ મળી શકશે.

✦ આગમપ્રજ્ઞ પૂજ્ય જંબુવિજયજી મ.સા. દ્વારા સંપાદિત જેસલમેર કી હસ્તપ્રત સૂચિ અને તેઓ દ્વારા સ્કેન કરાયેલ ગ્રંથોની હસ્તપ્રત સૂચિ પૈકી અપ્રગટ કૃતિની યાદિ મળી શકશે.

✦ શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ભારતભરમાં સક્રીય જ્ઞાનભંડારોની યાદિ લેબલ ફોર્મેટમાં મળી શકશે.

( પેજ - ૮ નું ચાલુ)

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર અન્વયે છેલ્લા બે વર્ષમાં અભ્યાસ ઉપયોગી તેમજ અન્ય રીતે ઉપયોગી ગ્રંથોને સુરક્ષિત કરવા માટે પ્રાયઃ અપ્રાપ્ય ગ્રંથોને મહાત્માઓની પ્રેરણાથી જ્ઞાનરાશિ દ્વારા સ્કેન કરાવીને મહત્વના જ્ઞાનભંડારોને નિઃશુલ્ક મોકલવામાં આવ્યા છે. તથા ગુરૂભગવંતોને અભ્યાસ માટે જરૂરીયાત હોય તેઓને મોકલીએ છીએ. તથા જરૂરીયાતવાળા જ્ઞાનભંડારોને અમારા તરફથી નિઃશુલ્ક સી.ડી પણ ઉપલબ્ધ કરાવી આપેલ છે. તદન્વયે હવે આ ત્રીજા વર્ષે ઘણા પણ પ્રાયઃઅપ્રાપ્ય સાચવવા યોગ્ય ગ્રંથોને સ્કેન કરાવી મહત્વના જ્ઞાનભંડારોને નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવાની જે યોજના છે, તે ગ્રંથોની વિગત આ અંકમાં આપેલ છે.

## લાભ સવાયા લેજો.... શ્રુતજ્ઞાનને વંદન હોજો...

શ્રુતોપાસક પૂજ્ય ગુરૂભગવંતોની કૃપાવર્ષા અને સહયોગથી તથા શ્રુતસંસ્થાઓના ઔદાર્યપૂર્ણ સહયોગથી અમારી પાસે શ્રુત સંબંધી નીચે મુજબનો સંગ્રહ છે. આ સંગ્રહ માત્ર સાચવી રાખવા માટે કે જોઇ જોઇને ખુશ થવા માટે કે પછી અમારી પાસે આટલું બધું છે એવો દેખાડો/મિથ્યાભિમાન કરવા માટે કે પછી કોઇને વારંવાર ધક્કાઓ ખવડાવીને પછી જ પુસ્તક-પ્રત ઇસ્યુ કરવા માટે નથી જ. પરંતુ પ્રભુ શાસનના શ્રુતોપાસકો, શ્રમણ-શ્રમણી ભગવંતો તેનો મહત્તમ લાભ લઇ શકે માટે જ છે. તેથી આપને સંશોધન-અભ્યાસાદિમાં જે કઇં પણ, જે કોઇ પણ રીતે ઉપયોગી થઇ શકે તેમ હોય તેનો અમને અચૂક લાભ આપશો. જેથી અમારા શ્રુતપ્રાપ્તિના અંતરાયો તૂટે તથા અમે સમ્યગ્બોધના સ્વામી બની શકીએ.

(૧) શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર દ્વારા પ્રકાશિત ૧૦ ડીવીડી નો સેટ. જેમાં રહેલા પુસ્તકો મુદ્રિત પણ છે, જરૂરીયાત મુજબ આપ મંગાવી શકો છો.

ડીવીડી નં-૧ સંવત ૨૦૬૫માં પ્રકાશિત ૫૪ પ્રાચીન મુદ્રિત પુસ્તકોનો સેટ-૧
ડીવીડી નં-૨ સંવત ૨૦૬૬માં પ્રકાશિત ૩૬ પ્રાચીન મુદ્રિત પુસ્તકોનો સેટ-૨
ડીવીડીનં-૩ પૂ. ગુરૂભગવંતોને અભ્યાસ સ્વાધ્યાય ઉપયોગી નૂતન પ્રકાશન
ડીવીડી નં-૪ શ્રાવકોને ઉપયોગી અભ્યાસ સૂત્ર, સ્તુતિ, સ્તવન, પ્રવચનના પુસ્તકો
ડીવીડી નં-૫ જૈન સત્યપ્રકાશ માસિક, ૨૧ વર્ષના અંકો, બુદ્ધિપ્રકાશ માસિક અંકો
ડીવીડી નં-૬ પૂજ્ય આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજી લિખિત -સંપાદિત પુસ્તકો
ડીવીડી નં-૭ પૂજ્ય આ. શ્રી પદ્મસાગરજીસૂરિજી મ. સા ના તથા અન્ય ના પુસ્તકો
ડીવીડી નં-૮ શ્રી કૈલાશ શ્રુત સાગર ગ્રંથ સૂચી ભાગ ૧ થી ૮
ડીવીડી નં-૯ આત્માનંદ પ્રકાશ અને જૈન ધર્મ પ્રકાશ માસિક અંકો
ડીવીડી નં-૧૦ સંવત ૨૦૬૭માં પ્રકાશિત પ્રાયઃ અપ્રાપ્ય ૩૬ પુસ્તકોનો સેટ-૩

**Jaina** (યુએસએ) દ્વારા પ્રકાશિત **Jainelibrary** અન્વયે પ્રકાશિત ૪ ડીવીડીમાં રહેલ ૨૦૦૦ પુસ્તકો

(અનુસંધાન પેજ - ૭ ઉપર)

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩